# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ મતદાન જાગૃતિ માટે બાઇક રેલીને પ્રસ્થાન કરાવતાં મોટી સંખ્યામાં મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો.
- લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ૫૪૮ પ્રિસાઇડીંગ અને મદદનીશ પ્રિસાઇડીંગ ઓફિસરોની પ્રથમ તાલીમ યોજાઇ ગઈ.
- નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આજથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કર વ્યવસ્થામાં કોઈ નવા ફેરફાર કરવામાં આવ્યા નથી.
- રાજયની 14 સરકારી યુનિવર્સીટીઓ અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે કોમન એડમીશન પોર્ટલ પર આજથી ઓનલાઈન નોંધણીનો પ્રારંભ.
- રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની પરીક્ષા CUET-(UG) 2024ના ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 5મી એપ્રિલ સુધી લંબાવી છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યોજાયેલી ખેલો ઇન્ડિયા એનટીપીસી સીટી ઓપન તીરંદાજી સ્પર્ધામાં તમિલનાડુના ડી.ભારથે રીકર્વ સિનીયર બોઇઝ વિભાગમાં જયારે સિનિયર ગર્લ્સ વિભાગમાં કામના અશોકકુમારે સુવર્ણચંદ્રકો મેળવ્યા છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Voting awareness -1

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે આગામી 7મી મે ના રોજ યોજાનાર ચૂંટણી વખતે મોટી સંખ્યામાં મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના રામકથા મેદાન પરથી મતદાન અંગે લોકોને જાગૃત કરવા યોજાયેલી બાઇકરેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતાં રાજયના મુખ્ય ચુંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આ મુજબ જણાવ્યું હતું. આ બાઇક રેલી ગાંધીનગરના વિવિધ માર્ગો પર ફરીને કલેકટર કચેરી ખાતે પૂર્ણ થઇ હતી. આ રેલીમાં જીલ્લા કલેકટર, નાયબ કલેકટર, સહિતના ઘણા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

ગુજરાતમાં 7 મે, 2024ના યોજાનાર લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મતદારોમાં જાગૃતિ કેળવવા માટે મોટેરા સ્ટેડિયમમાં યોજાયેલ આઈપીએલ મેચ દરમિયાન સ્ટેડિયમમાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્ટેન્ડી, વિવિધ પોસ્ટર્સ, બેનર મુકવામાં આવ્યા હતા. આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર રિધ્ધિ શુક્લાએ આ મુજબ જણાવ્યું હતું,

(બાઈટ - રિધ્ધિ શુક્લા, ડેપ્યુટી કલેક્ટર (અમદાવાદ)

વડોદરા જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના માધ્યમથી તેમના વાલીઓ પાસે સંકલ્પપત્રો ભરાવવામાં આવ્યા. ચૂંટણીમાં અમે અવશ્ય મતદાન કરશું, એવો સંકલ્પ લઇ છ લાખ જેટલા વાલીઓએ મતદાન કરવાના સંકલ્પ લીધા. જયારે વડોદરાનાં શિનોર તાલુકાના પુનિયાદ અને વણિયાદ ગામમાં મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતા.

જામનગરમાં પણ ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે મતદાન જાગૃતિ થીમ આધારિત સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ઉપરાંત વડોદરામાં મતદાર જાગૃતિ માટે જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહના માર્ગદર્શન હેઠળ ટીમ સ્વીપ દ્વારા તારીખ 1 એપ્રિલથી 4 મે સુધી 34 દિવસમાં 50 થી વધુ નવીનતમ

મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં મુખ્યત્વે શાળા કક્ષાએ ક્વીઝ, વક્તૃત્વ, રંગોળી, ચિત્ર, સ્લોગન અને રેલી સિવાય કોલેજ કક્ષાએ સેમિનાર, ગૃપ ડિસ્કશન, વિડીયો મેકિંગ સહિતની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## SABARKANTHA -TALIM

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અધ્યક્ષતામાં ૫૪૮ પ્રિસાઇડીંગ અને મદદનીશ પ્રિસાઇડીંગ ઓફિસરોની પ્રથમ તાલીમ યોજાઇ ગઈ.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે કેટલાંક સૂચનો આપ્યા હતા. ઉપરાંત માસ્ટર ટ્રેનર દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી તમામ ચૂંટણી પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત ચૂંટણી પુર્વે, ચૂંટણી દરમિયાન અને ત્યાર બાદ ધ્યાને લેવાની બાબતો, આદર્શ આચાર સંહિતા ઇવીએમ મશીન, વીવી પેટ મશીન બાબતે વિસ્તૃત માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું આ સાથે હિંમતનગર, ઇડર અને ખેડબ્રહ્મા વિધાનસભા મતવિસ્તારમાં ૯૬૪ પ્રિસાઇડીંગ અને મદદનીશ પ્રિસાઇડીંગ ઓફિસરોની તાલીમ યોજાઇ હતી. આમ જિલ્લાના કુલ ૨૯૦૪ પ્રિસાઇડીંગ અને મદદનીશ પ્રિસાઇડીંગ અધિકારીઓની પ્રથમ તાલીમ યોજાઇ હતી.

## FM-TAX

નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આજથી શરૂ થયેલા નાણાકીય વર્ષમાં કર વ્યવસ્થામાં કોઈ નવા ફેરફાર કરવામાં આવ્યા નથી. મંત્રાલયે નવી કર વ્યવસ્થા અંગે સોશિયલ મીડિયા પર આપવામાં આવી રહેલી માહિતીને ગેરમાર્ગે દોરનારી ગણાવીને રદિયો આપ્યો છે. મંત્રાલયે કહ્યું છે કે નવી કર વ્યવસ્થા મુખ્યત્વે વ્યક્તિગત કરદાતાઓને લાગુ પડે છે.

નવી કર વ્યવસ્થા હેઠળ, કરના દરો નોંધપાત્ર રીતે ઓછા છે અને પગારમાંથી 50 હજાર અને કુટુંબ પેન્શનમાંથી 15 હજાર રૂપિયા જેવી વિવિધ છૂટ તેમજ રાહતો જૂની કર વ્યવસ્થામાં ઉપલબ્ધ હતી તે નવી કર વ્યવસ્થામાં ઉપલબ્ધ નથી. મંત્રાલયે કહ્યું કે કરદાતાઓ પોતાના માટે ફાયદાકારક હોય તે કર વ્યવસ્થા પસંદ કરી શકે છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આવકવેરા આકારણી વર્ષ 2024-25 માટે રિટર્ન ફાઈલ ન થાય ત્યાં સુધી નવી કર વ્યવસ્થા પસંદ અથવા નાપંસદ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. કોઈ પણ વ્યવસાયિક આવક ન ધરાવતી વ્યક્તિઓને દરેક નાણાકીય વર્ષ માટે કર વ્યવસ્થા પસંદ કરવાનો વિકલ્પ રહેશે. કોઇ પણ વ્યક્તિ એક નાણાકીય વર્ષમાં નવી કર વ્યવસ્થા પસંદ કરી શકે છે અને બીજા નાણાકીય વર્ષમાં જૂની કરવ્યવસ્થાનો વિકલ્પ અપનાવી શકે છે.

## REV.-MUST-ANNOUNCEMENT

### એક અગત્યની જાહેરાત

આકાશવાણી પરથી આજે રાત્રે સાડા નવ વાગે પ્રસારિત થનાર "પબ્લિક સ્પીક" ફોન ઇન કાર્યક્રમમાં " આવકવેરા રીટર્ન પ્રક્રિયાનું સરળીકરણ " અંગે ચર્ચા પ્રસારિત થશે. જેમાં આવકવેરા વિભાગના કમિશ્નર ધરમવીર સિંહ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંજીવ નારાયણ ભાગ લેશે.

આ કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓ આવકવેરા રીટર્નને લગતાં પ્રશ્નો પુછી શકશે. જે માટેના ટેલીફોન નંબર આ મુજબ છે.

**011 - 23421050 અને 011 – 23314444**

આ ઉપરાંત વૉટ્સએપ નંબર **9289094044** પરથી પણ પ્રશ્નો પુછી શકાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના ગોલ્ડ ચેનલ અને વધારાની ફ્રીક્વન્સીઓ પરથી આજે રાત્રે સાડા નવ વાગે પ્રસારિત થશે. આ ઉપરાંત આ કાર્યક્રમ ન્યૂઝ ઓન એર ડોટ જીઓવી ડોટ ઇન પરથી પણ સાંભળી શકાશે.

અગત્યની જાહેરાત પૂરી થઇ...

## Common Admission

રાજયની 14 સરકારી યુનિવર્સીટીઓ અને સંલગ્ન કોલેજોમાં પ્રવેશ માટે કોમન એડમીશન પોર્ટલ પર આજથી ઓનલાઈન નોંધણીનો પ્રારંભ.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સહિત રાજયની 14 સરકારી યુનિવર્સિટીઓની વિવિધ શાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી.માં પ્રવેશ માટે

સરકાર દ્વારા પ્રથમવાર કોમન એડમિશન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સ્નાતક અભ્યાસક્રમના પ્રવેશ માટે આજથી ધો. 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન નોંધણી કરી શકશે.

## GSSSB

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનારી વર્ગ – 3 ની ગ્રુપ એ અને ગ્રુપ બીની પરીક્ષાના પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા માટેની મુદ્દતમાં વધારો કરાયો છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રવેશપત્રો ડાઉનલોડ કરવાની મુદત પૂરી થઇ હોવા છતાં ઘણા ઉમેદવારોએ પ્રવેશપત્રો ડાઉનલોડ ન કર્યાનું ધ્યાને આવતા આ મુદત 6 એપ્રિલ સુધી વધારવામાં આવી છે.

## NTA---CUET-(UG).rtf

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની પરીક્ષા CUET-(UG) 2024ના ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ 5મી એપ્રિલ સુધી લંબાવી છે.

એજન્સીની યાદીમાં જણાવ્યા મુજબ ઉમેદવારો અને અન્ય હિતધારકો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈ આ તારીખ લંબાવવામાં આવી છે. ઉમેદવારો ઓળખ માટે સ્કૂલ આઈડી અથવા ફોટોગ્રાફ સાથે કોઈપણ સરકારી આઈડીનો પણ ઉપયોગ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે આ પરીક્ષા આગામી 15 થી 31 મે દરમિયાન યોજાવાની છે.

## Daman- Archery Tournament

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યોજાયેલી ખેલો ઇન્ડિયા એનટીપીસી સીટી ઓપન તીરંદાજી સ્પર્ધામાં તમિલનાડુના દીલ ભારથે રીકર્વ સિનીયર બોઇઝ વિભાગમાં જ્યારે સિનિયર ગર્લ્સ વિભાગમાં કામના અશોકકુમારે સુવર્ણચંદ્રકો મેળવ્યા છે.

એવી જ રીતે સિનિયર બોઇઝ વિભાગમાં દમણ, દીવના વિપુલે સુવર્ણચંદ્રક અને દમણ દિવના દિગંત ભૂયાને રજતચંદ્રક મેળવ્યા છે.

સબ જુનિયર બોઇઝમાં દમણ દિવના પ્રથિત રસુલિયાએ સુવર્ણચંદ્રક જયારે દમણ દિવના ધ્રુવે રજતચંદ્રક મેળવ્યો છે.

અમારા દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસારના જણાવ્યા મુજબ મોટી દમણ પરિયારી ક્રિકેટ મેદાનમાં આયોજિત આ સ્પર્ધામાં દમણ-દીવ, દાદરા નગર હવેલી, ગુજરાત અને તમિલનાડુના 65થી વધુ તીરંદાજોએ ભાગ લીધો હતો.

## BSAOU - Webinar

પોરબંદરની જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાં ચાલતા અભ્યાસક્રમો પર ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. વેબીનારમાં બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પરિચય, અભ્યાસના કેન્દ્રો, શૈક્ષણીક અભ્યાસક્રમ, પ્રવેશ પ્રક્રિયા, એડમિશન તારીખ, પરીક્ષા ફોર્મ, પ્રમાણપત્ર વિશે માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## PORBANDAR -TALENT

પોરબંદર જિલ્લા કક્ષાના યંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન કાર્યક્રમનુ આયોજન આવતીકાલ સુધી સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે કરાયું છે. જેમાં 1 જાન્યુઆરી ૨૦૧૩ પછી જન્મેલા યુવા ખેલાડીઓને ભાગ લેવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા અપીલ કરાઇ છે.આવતીકાલ સુધી સરદાર પટેલ રમત સંકુલ, પોરબંદર ખાતે સવારે ૭ વાગ્યા સુધી જરૂરી આધાર પુરાવા સાથે ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્પર્ધકોની ટેસ્ટનું આયોજન રાજ્ય કક્ષાએ કરવામાં આવશે, અને રાજ્યકક્ષાએ ટેસ્ટમાં આગામી દિવસોમાં વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. રાજ્યકક્ષાએ પસંદ થયેલ ટેસ્ટમાં પાસ થનાર ખેલાડીઓને જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત પ્રવેશ આપવામાં આવશે,

## BHAVNAGAR-YOG

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભાવનગર શહેર માં યોગ ટ્રેનર સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભાવનગરમાં વિવિધ કોચ દ્વારા 100 કલાક ની યોગ ટ્રેનર દ્વારા તાલિમ આપવામાં આવી હતી . તાલીમ માં યોગ નો

પ્રાયોગીક તેમજ થીયરોટિકલ અભ્યાસ કરાવવા માં આવ્યો અને  યોગ ટ્રેનરોને પ્રમાણ પત્રો આપી બિરદાવવામાં આવ્યા હતા.